**જાહેર સેવકો વિરૂદ્ધના આરોપોની ગુપ્ત તપાસના અહેવાલ સંદર્ભમાં આયોગનો પરામર્શ કરવા બાબત.**

ગુજરાત સરકાર,

ગૃહ વિભાગ

પરિપત્ર ક્રમાંકઃ લરવ-૧૧૮૬-૬૩૩-ગ-૧-હ,

સચિવાલય, ગાંધીનગર, તા.૨૨-૧૦-૨૦૦૩

**પરિપત્ર**

ગૃહ વિભાગના તા.૨૫-૩-૬૮ના પરિપત્ર ક્રમાંક : એસવીસી-૧૦૬૪-૧૧૩૬૬-હ ની સૂચનાઓ મુજબ ગુપ્ત કે ખુલ્લી તપાસ (પ્રાથમિક તપાસ)ના કિસ્સાઓમાં ગુજરાત તકેદારી આયોગનો પરામર્શ કરવાનો હોય છે. ગુપ્ત તપાસમાં લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોના અધિકારી પોતાના સૂત્રો દ્વારા તપાસ હાથ ધરે છે અને તેમાં કોઇ સાક્ષી કે તહોમતદારના નિવેદનો લેવામાં આવતા નથી અને આક્ષેપિતને તેની સામે થયેલ ફરિયાદ અંગેની જાણ ન થાય તે રીતે તપાસ બ્યુરો કક્ષાએ કરવામાં આવે છે. આવી ફરિયાદો સંબંધમાં અરજદારના નામ/સરનામાની ખરાઇ કરીને ગુપ્ત તપાસના સંતોષકારક પુરાવા કે માહિતી મળે તો ત્યાર બાદ રીતસરની ખુલ્લી તપાસ હાથ ધરવામાં આવે છે. જેમાં સાક્ષી, પુરાવા એકઠા કરવા, નિવેદનો લેવા તેમજ આક્ષેપિત પાસેથી જરૂરી માહિતી વગેરે નિયમાનુસાર મેળવવાની કાયર્વાહી કરવામાં આવે છે. આ બંને તપાસમાં પ્રથમ ગુપ્ત તપાસ હાથ ધરવાનો આશય એવો છે કે કેટલીક વખત ખોટી માહિતી કે અરજીઓ થતી હોય છે. જેમાં આક્ષેપિતોને ખોટી રીતે હેરાન થવું પડે છે અથવા તો તપાસ અધિકારીને તપાસની કાર્યવાહીનો ખોટો પ્રસંગ ઉભો ન થાય તે માટે ગુપ્ત તપાસમાં હકીકતની જાણકારી મેળવી લેવાય છે, અને જો તેમાં તથ્ય જણાય તો જ સક્ષમ અધિકારીની મંજૂરીથી ખુલ્લી તપાસ હાથ ધરવાની કાર્યવાહી કરવામાં આવે છે.

૨. આવા ફરિયાદ પ્રકરણમાં હાથ ધરાયેલ ગુપ્ત તપાસ, પ્રાથમિક તપાસના અહેવાલો સંદર્ભમાં પણ ગૃહ વિભાગના ઉપર્યુક્ત પરિપત્રની સુચનાનુસાર ગુજરાત તકેદારી આયોગનો પરામર્શ કરવાનું આવશ્યક જણાયું હતું. પરંતુ હવે સામાન્ય વહીવટ વિભાગ તથા ગુજરાત તકેદારી આયોગના પરામર્શમાં એવું નકકી કરવામાં આવેલ છે કે જે કેસમાં વિભાગ દ્વારા જાતે જ ગુપ્ત/ખાનગી તપાસ કરવામાં / કરાવવામાં આવેલ હોય તો તેવા તપાસ એજન્સીના ગુપ્ત તપાસના અહેવાલો ગુજરાત તકેદારી આયોગને નહીં મોકલતાં બારોબાર સંબંધિત વહીવટી વિભાગને મોકલવાના રહેશે.

૩. વહીવટી વિભાગને ગુપ્ત તપાસનો અહેવાલ મળી જાય ત્યાર બાદ તે અંગે યોગ્ય નિર્ણય સંબંધિત વહીવટી વિભાગે લેવાનો રહેશે. જો ગુપ્ત તપાસ અહેવાલમાં આક્ષેપોને સમર્થન મળતું ન હોય તેવા ગુપ્ત તપાસ અહેવાલ આધારે પ્રકરણ દફતરે કરવાનો નિર્ણય લેવાય તો તેવા પ્રસંગે આવા કેસમાં તકેદારી આયોગના કાર્યક્ષેત્ર/અધિકારને કોઇ અસર પહોંચતી ન હોવાથી ગુજરાત તકેદારી આયોગનો પરામર્શ કરવાની જરૂરત રહેતી નથી. પરંતુ જે કેસમાં તકેદારી આયોગે વિભાગને તપાસ કરી અહેવાલ મોકલવા સુચના આપી હોય તો તેવા કેસમાં ગુપ્ત તપાસ કરાવેલ હોય અને તે આધારે કોઇ કાર્યવાહી કરતા પહેલાં તકેદારી આયોગના પરામર્શ બાદ જ આયોગની સુચના/ ભલામણ અનુસારની કાર્યવાહી કરવાની રહેશે.

ઉપર જણાવેલ સૂચાઓનો ચુસ્તપણે અમલ કરવા આથી તમામ વહીવટી વિભાગો/ ખાતાના વડા /બોર્ડ-નિગમો તેમજ તેમના તાબાની કચેરીઓને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

**મુનીન્દ્ર ભટ્ટ**

સંયુકત સચિવ,

ગૃહ વિભાગ, ગુજરાત સરકાર.